Vol. 4, Issue: 7, August: 2016
(IJRSML) ISSN: 2321 - 2853

# બંધારણ ઘડતરમાં મહિલાઓનો ફાળો

પ્રો. નવનીતલાલ વી. રાણા
(ડી.એન.પી. આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, ડીસા)

ભારતના ઈતિહાસનો સૌથી મહત્વનો દિવસ ૨૬ જાન્યુઆરી ૧૯૫૦ માં અમલમાં આવેલા ભારતીય બંધારણની ચર્ચા કરવી ઘણી આવશ્યક છે. દેશની એકતાના આવા મહત્વના દસ્તાવેજના ઘડતરમાં તે સમયની કેટલીક અગ્રણી મહિલાઓનો ફાળો પણ નોંધ પાત્ર હતો. તેની કદાચ બહુ જુજ લોકોને ખબર હશે. સામાજિક અને રાજકીય રીતે ક્રાંતિકારી વિચારો ધરાવતી મહિલાઓ તો સ્વાતંત્ર્યની લડાઈમાં અગ્રણી હતી જ.

૬૬ વર્ષ પહેલા લોકસભા સચિવાલય દ્વારા પ્રકાશિત ભારતીય સંવિધાન સભાના કાર્યકાળ દરમિયાન કુલ ૧૫ મહિલા સદસ્યો ઉપસ્થિત હતા. ડૉ. બાબા સાહેબ આંબેડકર, સરદાર વલ્લભભાઈ પટેલ, ક.મા. મુન્શી સહિત તે સમયના પ્રખર વિધ્વાનો અને કાયદા નિષ્ણાતોની બનેલી બંધારણ સભામાં રાજકુમારી અમ્રિત કૌર, હંસા મેહતા અને દૂર્ગાબાઈ દેશમુખ એમ ૩ મહિલા સભ્ય હતી. પરંતુ તે સિવાય તે સમયની રાજકીય અને સામાજિક રીતે અગ્રણી મહિલાઓને બંધારણના મુસદ્દાની ચર્ચા માટે બોલાવવામાં આવી હતી અને તેમણે ઘણી વૈચારિક સ્પષ્ટતા અને મક્કમપણે તેમના વિચારો રજૂ કર્યા હતા. જેમણે ૨૯૯ સભ્યોથી બનેલી બંધારણ સભામાં મહિલા સદસ્ય તરીકે પોતાનું યોગદાન આપ્યુ. ૨ વર્ષ ૧૧ મહિના અને ૧૮ દિવસ દરમ્યાન લખાયેલ ભારતીય બંધારણના ઘડતર દરમિયાન ખૂબ ચર્ચા અને વાદવિવાદ થયા જેમાં આ તમામ મહિલાઓની મહત્વની ભૂમિકા હતી.

૧૯ મી સદિની શરૂઆતમાં સ્ત્રીને મૂળભુત હક્કથી વંચિત રાખી શોષણ કરવામાં આવતું ૧૯૨૦ પછી ગાંધીજીએ સ્ત્રી/પુરૂષ સમાનતાની હિમાયત અને હાકલ કર્યા પછી સ્વતંત્રતા ચળવળમાં સ્ત્રીઓએ ભાગ લેવાનું શરૂ કર્યું. દેશ માટેના કપરાં સઘર્ષકાળમાં સ્ત્રીએ ઘરની બહાર નિકળી અને તેમની ક્ષમતાનો પરિચય આપ્યો. ભારતીય બંધારણમાં સ્ત્રી અનામતનો વિરોધ કરનાર પણ આજ મહિલાઓ હતી. જેઓ તે સમયે પણ સ્ત્રી અને પુરૂષને સમાન સમજતી હતી. તેમાંની કેટલીક સ્ત્રીઓએ દેશને એક નવી દિશા આપી હતી. તેમના વ્યક્તિત્વ અને વિચારો આજે પણ એટલા જ જીવંત લાગે છે.

## (૧) અમુ સ્વામીનાથન :-

અમુકુટ્ટી સ્વામીનાથન ભારતીય ગણતંત્ર ચળવળ વખતે એક સોશિયલ વર્કર અને પ્રોલિટિકલ એકટીવિસ્ટ હતા. તેઓ મહાત્મા ગાંધીના શિષ્ય હતા. જ્યારે બંધારણ રચાતું હતું ત્યારે તેમાં તેમનું યોગદાન હતું. જેને લઈને ઘણા અવરોધોનો પણ તેમને સામનો કરવો પડ્યો હતો. તેમણે બંધારણ વિશે એસેમ્બલી ડિબેટ્સમાં પણ કહ્યું હતું કે મહિલાઓને સમાન અધિકાર મળવો જોઈએ. લોકશાહી

વિશે તેમનું માનવું હતું કે લોકશાહીમાં સ્વતંત્રતાનો હક્ક એટલે ભારતમાં સૌને સમાન અધિકાર થાય છે, સ્વતંત્રતાનો અર્થ મન ફાવે તે કરવું તેવો થતો નથી.

**(૨) એની માસ્કરીન :-**

એની, એક એવા ફ્રિડમ ફાઈટર હતા જે અનેકવાર જેલ પણ ગયા હતા. તે ત્રાવણકોર કોંગ્રેસ જોઈન્ટ કરનારા પ્રથમ મહિલા હતા. તેમણે બંધારણ અંગેની એસેમ્બલી ડિબેટમાં જણાવ્યું હતું કે સેન્ટ્રલ ગર્વમેન્ટમાં શરૂઆતના તબક્કે લોકશાહી ન રાખવી જોઈએ પરંતુ થોડા વર્ષ પછી ડેમોક્રસી દાખલ કરવી જોઈએ. જેટલું સરળ અન્ય નાના પ્રદેશોને મેનેજ કરવાનું છે, તેટલું સરળ સેન્ટ્રલને મેનેજ કરવાનું નથી તેમ તેઓ માનતા. તે સ્વતંત્ર ભારતના પ્રથમ મહિલા એમ.પી. હતા અને કેરળથી ચુંટાયા હતા.

**(૩) બેગમ અઝીઝ રસુલ :-**

બંધારણના ઘડતરમાં મુસ્લિમ મહિલા બેગમ અઝીઝ રસુલનો ફાળો પણ નોંધપાત્ર છે. તેમની વાકછટા પરથી જણાતું હતું કે તેઓ કાયદાના જાણકાર હતા. એટલું જ નહી પણ બંધારણની રચનામાં તેને અલતા અધિનિયમોના પણ સારા જાણકાર હતા. જે સમયે અનેક લોકો કોમનવેલ્થમાં ભારતના સમાવેશ અંગે વિરોધ વ્યક્ત કરતા હતા ત્યારે તેમણે ભારતના સભ્યપદની તરફેણ કરી હતી. તેમણે માત્ર મુસ્લિમ માઈનોરિટી માટેના અલગ ઈલેક્શનનો વિરોધ કર્યો હતો અને સાથે સાથે માઈનોરિટી માટે રીઝર્વેશનનો પણ વિરોધ કર્યો હતો.

**(૪) દક્ષયાની વેલાયદન :-**

ભારતના કેરળ રાજયમાંથી ગરીબ અને દલિત વર્ગમાંથી આવેલા દક્ષયાની વેલાયદન તેમના સમાજના અને દેશના પ્રથમ ગ્રેજ્યુએટ હતા. બંધારણ ઘડતર સમયે તેમના વિચારો એવા હતા કે હરિજન, ખ્રિસ્તી, મુસ્લિમ કે શિખ કોઈપણ માઈનોરિટીને રિઝર્વેશન આપીને તેમને અપંગ ન બનાવવા જોઈએ. પરંતુ તેમને મેજોરિટીની જેમ સમાન અધિકારમાં જ ગણવા જોઈએ. કોઈપણ વ્યક્તિને જ્ઞાતિના આધારે નહી પરંતુ લાયકાતના આધારે જ હક્ક મળવો જોઈએ. તેમણે ચર્ચિલ અને બ્રિટીશ ગર્વમેન્ટ દ્વારા દલિતોની થતી સરકાર વિરોધની કાનભંભેરણી અંગે પણ લાલ આંખ કરી હતી અને ભારત એકજ છે તેમ કહ્યું હતું. ભારતમાં રહેનાર તમામ હિન્દુસ્તાની છે તે અંગે સ્પષ્ટતા કરી હતી.

**(૫) દુર્ગાબાઈ દેશમુખ :-**

ભારતના બંધારણમાં જ્યુડિશિયલ મેટરમાં તેમનો મોટો ફાળો હતો. તે કાયદાશાસ્ત્રના જાણકાર અને ન્યાયાધીશોની વરણી, કોર્ટની સંપૂર્ણ સ્વતંત્રતા વગેરે મહત્વના મુદ્દા નોંધાવ્યા હતા.

ઉપરાંત રાજકીય બાબતો અને બંધારણ વિશે પણ અદ્ભૂત જ્ઞાન ધરાવતા હતા. હિન્દીને રાષ્ટ્રભાષા બનાવવામાં અને તેનો આંખા દેશ દ્વારા સ્વીકાર કરાવવામાં તેમનો મોટો ફાળો છે. ખાસ કરીને દક્ષિણના રાજયો માટે ઉર્દુ અને દેવનાગરી લીપી પરથી બનેલી હિન્દી એવી હિન્દુસ્તાની ભાષા શીખવી અઘરી હતી. તે લોકો પણ ભારતની રાષ્ટ્રીય ભાષા હિન્દીને સ્વીકારી શકે તેવા પ્રયત્ન કર્યા હતા. તે સમયે તે લોકસભાના મેમ્બર પણ હતા અને એ ઉપરાંત તેમને નેહરૂ લિટરસી એવોર્ડ, યુનેસ્કો એવોર્ડ અને પદ્મવિભૂષણ એવોર્ડ પણ મેળવેલા છે.

**(૬) હંસા મેહતા :-**

હંસા મેહતા ફ્રિડમ ફાઈટરની સાથે ગાંધીજીના ફોલોઅર પણ હતા. તે સોશિયલ એકટીવિસ્ટની સાથે સાથે સમાજ સેવા અને શિક્ષણ સાથે સંકળાયેલા હતા. તેમણે તે સમયે અંગ્રેજી પુસ્તકોના ગુજરાતીમાં અનુવાદ કર્યા હતા. બંધારણમાં ભારતીય સુરક્ષા વ્યવસ્થાને લઈને તેમણે ઘણા આયોજન બનાવ્યા હતા અને જે સફળ રહ્યા હતા. તે ૧૯૫૦ થી ૧૯૫૯ સુધી હ્યુમન રાઈટ કમિશન, યુ.એન.ના વાઈસ ચેરમેન રહ્યા હતા. તેમને પદ્મભૂષણ એવોર્ડ એનાયત થયેલો છે. તેમણે બંધારણના ઘડતર સમયે સ્ત્રીઓની સુરક્ષા અને શિક્ષણ માટે પણ પ્રયાસ કરેલા.

પૂર્ણિમા બેનર્જીએ રાજય સરકાર સંચાલિત શાળામાં ધાર્મિક પુસ્તકોના અભ્યાસને ફરજીયાત ના રાખી શકાય એવા મહત્વના મુદ્દા રજૂ કર્યા હતા.

દાંડી સત્યાગ્રહ સમયે ગાંધીજીની ધરપકડ બાદ સત્યાગ્રહની સંપૂર્ણ જવાબદારી લેનાર સરોજીની નાયડુએ દેશના ભાગલા વખતે લોકસભામાં મુસ્લિમ મિત્રોની ગેરહાજરી વિશે દુ:ખ વ્યક્ત કર્યું હતું.

રેણુકા રાયે જણાવ્યુ કે સ્ત્રી અનામત એ સ્ત્રીની બુદ્ધિ અને શક્તિનું અપમાન છે.

બંધારણની રચનામાં આ મહાન સ્ત્રીઓના યોગદાન ખરેખર અતુલનીય છે. તેમના વિચારો અને આયોજનો પર આજેપણ અમલ કરવામાં આવે તો દેશ એક નવી ઉન્નતિ તરફ જઈ શકે છે. આજે જ્યાં અનામત, શિક્ષણ, ન્યાયાલયની પરિસ્થિતિ વગેરે જેવી બાબતોના મુદ્દાઓ ઉઠી રહ્યા છે. ત્યારે તે સમયના બંધારણના ડ્રાફટ અને તેમનુ આયોજન પણ વિચારવું રહ્યું. જો તે સમયે પણ સ્ત્રીઓ આટલી સારી લાયકાત ધરાવતી હોય અને આટલી મોટી આગેવાની લઈ શકતી હોય તો આજની સ્ત્રીઓ તો તે સમય કરતા ઓછા સંઘર્ષે આગળ આવી જ શકે. સતી પ્રથા કે દિકરીને દૂધપીતી કરવા જેવાં સામાજિક દૂષણો સિવાય પણ ઈતિહાસ પાસે જાણવા અને શિખવા જેવું ઘણું છે. ભારતીય બંધારણના ઘડતરમાં સ્ત્રીના યોગદાનને એકવાર યાદ કરી સમજવાનો પ્રયત્ન કરીએ.